ગાંધીનગર સમાચાર

**ખુલ્લા મેદાનો ગાંધીનગરને હોટેસ્ટ સીટી બનાવે છે**





અગનવર્ષા - ગાંધીનગરના ગગનમાંથી બુધવારે આગ વરસી હતી... ગાંધીનગરના ઈતિહાસમાં પ્રથમ વખત ૪૭ ડિગ્રી તાપમાન નોંધાયું હતું... જનજીવન અસ્તવ્યસ્ત બન્યું... ચારે તરફ હાહાકાર હતો... ગરમીનો ત્રાહિમામ્ હતો... એ.સી. પણ હાંફતા હતા... વિજ વપરાશમાં ઐતિહાસિક વધારો થતા વિજ પુરવઠો પણ ખોરવાતો હતો... સવારે ૧૦ થી સાંજના ૭ સુધી માર્ગો પર કરફ્યું વર્તાતો હતો... રાહદારીઓ માટે અંગ દઝાડતી ગરમીમાં ચાલવું પણ મુશ્કેલ હતું... ગાડીઓમાં એ.સી.ની કોઈ અસર વર્તાતી નહોતી... અને ઝાડનો છાંયો પણ ગરમ પવનથી અકળાવતો હતો... ગાંધીનગરની સ્થાપનાથી આજ સુધી પ્રથમ વખત ૪૭ ડિગ્રી પર પારો પહોંચતા શહેરીજનો બેબાકળા બન્યા હતા... બજારો સુમસામ અને માર્ગો ખાલી ખાલી હતા... આ છે ગાંધીનગરની ગરમીના રૌદ્ર સ્વરૂપની તાસીર અને તસ્વીર...

## સે-૩માં વારંવાર લાઈટો ડુલ થતા રહીશો આગ બબુલા

ગાંધીનગર, તા.૧૮

શહેરમાં ગરમીનો પારો દિનપ્રિતિદિન ઉંચો આવતા નગરજનો ગરમીથી બચવા માટે અનેક નુસખા અજમાવી રહયા છે. આ વર્ષે ગરમીએ તમામ હદ ઓળંગી નાંખતા તાપમાનનો પારો ૪૭ ડી ગ્રી સુધી પહોંચી ગયો છે. છેલ્લા ૧૦ દિવસથી મહત્તમ તાપમાન ૪૩ ડી ગ્રી થી નીચે ઉતર્યુ નથી. જેના પરિણામે નગરજનો પણ કામ સિવાય ઘરની બહાર નિકળવાનુ ટાળી રહયા છે. નગરની સરકારી કચેરીઓ ઓફિસો અને દુકાનોમાં એ સી ધમધમી રહયા છે. જયારે રહેણાંક વિસ્તારમાં પણ ગરમીથી રક્ષણ મેળવવા માટે એસી નો ધમધમાટ સતત જોવા મળી રહયો છે. આવા સંજોગોમાં શહેરમાં વિજ વપરાશ પણ નોંધપાત્ર વધ્યો છે. સેકટરોમાં વારંવાર વિજ પ્રવાહ ખોરવાતા આમ નાગરિકોએ આકરી ગરમીમાં તગડુ બીલ ચુકવીને પણ પરસેવે નીતરવાનો વારો આવ્યો છે. સે-૩ માં છેલ્લા એક અઠવાડીયાથી ગમે ત્યારે વિજ પ્રવાહ ખોરવાઈ જાય છે. દિવસે અને રાત્રિના સમયે અચાનક જ વિજ પુરવઠો ડુલ થઈ જતા સેકટરવાસીઓએ મુંઝવણમાં મુકાવવાનો વારો આવે છે. ગમે ત્યારે વિજળી ડુલ થતા સિનિયર સિટીઝન્સ તેમજ બાળકોની હાલત દયાજનક બને છે. સ્થાનિક રહીશો દ્વારા આ અંગે વારંવાર ટોરેન્ટ પાવરને રજુઆત કરવા છતા રોજબરોજ લાઈટો ડુલ થતા નાગરિકોમાં રોષ પ્રવર્તયો છે. આ સમસ્યાનુ ત્વરિત નિવારણ લાવવા માટે પ્રબળ માંગ ઉઠવા પામી છે. ગઈકાલે પણ સે-૩ સી અને બી સહિતના વિસ્તારમાં રાત્રિના બે કલાક સુધી વિજપુરવઠો ખોરવાયો હતો. જેના પરિણામે સેકટરવાસીઓ ત્રાહીમામ પોકારી ગયા હતા.

ગાંધીનગર શહેરમાં આજે ગરમીએ પોતાના તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. માથુ ફાડી નાખે તેવી ભયંકર ગરમીને લીધે શહેરનુ જનજીવન પણ ભારે પ્રભાવિત થઈ રહ્યું છે. શહેરીજનો વહેલી સવારથી જ ઘરમાં કે ઓફિસોમાં પુરાઈ રહેવાનું પસંદ કરે છે. બીજી તરફ ગરમીને લીધે બજારો અને માર્ગો પણ બપોર પડતા જ સુમસામ બની ગયા હતા.

# ખુલ્લા મેદાનો ગાંધીનગરને હોટેસ્ટ સીટી બનાવે છે

### ગરમી અને ઠંડીની સિઝનમાં ખુલ્લા મેદાનોના કારણે શહેર હોટેસ્ટ અને કોલ્ડેસ્ટ બની રહે છે

ગાંધીનગર, તા. ૧૮

૪૭ ડિગ્રી તાપમાન સાથે ગાંધીનગર ગુજરાતનુ ચોથા નંબરનું હોટેસ્ટ સીટી બની રહ્યું છે. અગનભઠ્ઠીની જેમ તપી રહેલા શહેરે ગરમીની બાબતે અમદાવાદને પણ પાછળ મુકી દીધુ છે. ખુલ્લા મેદાનોના કારણે પાટનગર ગરમીની બાબતે પહેલા-બીજા નંબરે રહ્યું છે.




(તસવીર : કશ્યપ નિમાવત)

છેલ્લા કેટલાય વર્ષોથી એવું નોંધાયુ છે કે શિયાળા અને ઉનાળાની ઋતુઓમાં ગાંધીનગર હોટેસ્ટ અને કોલ્ડેસ્ટ સીટી બની રહે છે. શિયાળાની ઋતુમાં બે થી ચાર દિવસ એવા હોય છે જે શહેરને ગુજરાતનુ સૌથી ઠંડુ શહેર બનાવે છે. તેવી જ રીતે ઉનાળાની ઋતુમાં શહેર હોટેસ્ટ સીટી ઓફ ધ ગુજરાત બની રહે છે. એવા કયા કારણો છે જે શહેરને અમદાવાદ કરતાં પણ વધુ ગરમ બનાવે છે.

નિષ્ણાંતોના મતે ગાંધીનગર શહેર ઉત્તર ગુજરાતના એવા

● અનુસંધાન પાન-૭ પર

## સોશ્યલ મિડિયામાં ૫૦ ડિગ્રી તાપમાનના મેસેજથી શહેરમાં ચિંતાનું મોજુ પ્રસર્યુ




ગાંધીનગરમાં બપોરે ૧ થી ૭ વાગ્યા સુધી એક-એક કલાકે ૨-૨ ડિગ્રી તાપમાન વધ્યાના સમાચાર સોશ્યલ મિડિયમાં વાયરલ થતાં હતા. સાંજે ૪-૩૦ થી ૬-૦૦ દરમિયાન ૫૦ ડિગ્રી તાપમાનના સમાચારે શહેરમાં ચિંતાનું મોજુ પ્રસર્યું હતું. સગા-સંબંધીઓને ફોન કરી સતર્ક રહેવાનું સુચનાઓ સતત અપાતી હતી. કાલે પણ ૪૮ ડિગ્રી તાપમાનના અણસાર વર્તાય છે.

## પેથાપુર મહુડી માર્ગ પર બ્રિજનુ કામ પુર્ણ વિજાપુર માર્ગને ફોરલેન બનાવવાનુ કામ શરૂ

ગાંધીનગર તા ૧૮

ગાંધીનગર થી મહુડી માર્ગને ફોરલેન બનાવવાનુ મોટાભાગનુ કામ પુર્ણ થઈ ગયુ છે. જયારે આ રૂટમાં હાલ બ્રિજનુ કામ પણ પુર્ણ કરી દેવાયુ છે. જયારે હવે ડામર કામ બાકી છે. આશ્રમ રોડથી વિજાપુર સુધીના માર્ગને પણ ફોરલેન કરવાનુ કામ શરૂ થઈ ગયુ છે. વૃક્ષોની કટોતી થઈ જતા હવે આ કામગીરીમાં ઝડપ આવશે.

**વૃક્ષો દુર કરવાની કામગીરી પુર્ણ થતા માર્ગને ફોરલેન બનાવાની કામગીરીમાં ઝડપ આવશે**

ગાંધીનગર મહુડી માર્ગને પ્રવાસન પથ જાહેર કરાયા બાદ આ માર્ગને ફોરલેન કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. આ કામગીરી પાછળ રૂ ૫૫ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. મહુડી માર્ગને ફોરલેન કરવાની કામગીરી પુર્ણતાના આરે છે. જયારે હાલ આ રૂટમાં આવતા બ્રિજનુ કામ પણ પુર્ણ કરી દેવાયુ છે. જયારે ટ્રાફિકની સ્થિતિ થાળે પડી ગયા બાદ આગળનુ ડામર કામ હાથ ધરવામાં આવશે. ૩૩ કી મી ના રસ્તાને ફોરલેન બનાવાની યોજના મોટાભાગે તૈયાર છે. ત્યારે આ કામગીરી માટે રૂટમાં નડતરરૂપ સેંકડો વૃક્ષોની પણ કટોતી કરવામાં આવી છે. આ ઉપરાંત આશ્રમ ચોકડીથી વિજાપુર સુધીના રસ્તાને પણ ફોરલેન બનાવાનો નિર્ણય લેવાતા તંત્ર દ્વારા આ મામલે વન વિભાગની મંજુરી લેવાની પ્રક્રીયા પણ પુર્ણ કરી દેવામાં આવી છે. જેમાં રૂટમાં આવતા અન્ય વૃક્ષો પણ કાપવા પડે તેમ હતા જો કે વૃક્ષો દુર કરવાની કામગીરી પણ પુર્ણ થતા હવે આ કામમાં ઝડપ આવશે. પેથાપુર મહુડી માર્ગને ફોરલેન બનાવાની યોજનાનુ કામ ટુંકમાં પુર્ણ થતા પ્રવાસન પથ પર ટ્રાફિકની અવરજવર સલામત અને સરળ બનશે. મહુડી તીર્થ સ્થાનના લીધે આ રૂટ પર સતત ટ્રાફિકનો ધમધમાટ જોવા મળે છે. જયારે ફોરલેન બનાવાની કામગીરીના લીધે વાહનવ્યવ્હાર સરળ બનશે.

## જિલ્લાના ૩૬ ગામોમાં સ્માર્ટ ઈ.ગ્રામ સેન્ટર બનશે

### પાંચ હજારથી વધુ વસ્તી ધરાવતા ગાંધીનગરના ૧૦, કલોલના ૧૧, માણસાના ૮ અને દહેગામના ૭ ગામો સમાવાયા : અંદાજે ૪૦ લાખનો ખર્ચ થશે

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં ૩૬ ઈ.ગ્રામ સેન્ટરોને સ્માર્ટ ઈ.ગ્રામ સેન્ટર રૂ. ૪૦ લાખના અંદાજીત ખર્ચે બનાવવામાં આવશે.

પાંચ હજારથી વધુ વસ્તી ધરાવતા ગામોના ઈ.ગ્રામ સેન્ટરોને સ્માર્ટ ઈ.ગ્રામ સેન્ટર તબક્કાવાર બનાવવાના નિર્ણયને પગલે પ્રથમ તબક્કામાં ૩૬ ગામોની પસંદગી કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

આ ઈ.ગ્રામ સેન્ટરોમાં વધારાનું કોમ્પ્યુટર, સ્કેનર, કલર પ્રિન્ટર, નેટ કનેક્ટવીટી વધારાની આપવા ઉપરાંત અગ્નિશમન માટે ફાયર એસ્ટીંગ્યુસર આપવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે આ સ્માર્ટ ઈ.ગ્રામ સેન્ટર બનાવવાનો ખર્ચ પંચાયત વિભાગની ઈ.ગ્રામ વિશ્વગ્રામ સોસાયટી દ્વારા કરવામાં આવી રહ્યો છે. વધારાની નેટ કનેકટીવીટી બી.એસ.એન.એલ. દ્વારા પુરી પડાશે અને તેનો પ્રથમ વર્ષનો ખર્ચ સોસાયટી ભોગવશે આ પછી તેનો ખર્ચ ગ્રામ પંચાયતે ભોગવવાનો રહેશે.

પંચાયત વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે હાલ ઈ.ગ્રામ સેન્ટરો દ્વારા જીટુસી અને બીટુસીની સેવાઓ આપવામાં આવી રહી છે. આ સ્માર્ટ ઈ.ગ્રામ સેન્ટરોના નિર્માણ થકી ગ્રામ્ય વિસ્તારને ઈ.ગર્વનન્સથી સાંકળી રાજ્ય સરકાર પેપરલેસ વહીવટ તરફ ગતિ કરવા જઈ રહેલ છે.

જિલ્લાના જે ૩૬ ગામની પસંદગી સ્માર્ટ ઈ.ગ્રામ માટે થઈ છે તેમાં ગાંધીનગરના ૧૦, માણસાના ૮, કલોલના ૧૧ અને દહેગામના ૭ ગામોનો સમાવેશ થાય છે.

પંચાયતના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ સ્માર્ટ ઈ.ગ્રામ સેન્ટરોના નિર્માણ થકી પંચાયતોના વહીવટમાં પારદર્શિતા આવશે તેમજ સેવાઓ વધુ અસરકારક બનાવી શકાશે.

જિલ્લા પંચાયતના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે સ્માર્ટ ઈ.ગ્રામ સેન્ટરો નિર્માણ કરવાની કામગીરી આગામી એક માસમાં સંપન્ન કરી દેવામાં આવશે.






**નોટીસ**

સાંચા કામ સબબે, તારીખ ૧૯-૫-૨૦૧૬, ગુરૂવારના રોજ નીચે જણાવેલ વિસ્તારનો વિજ પુરવઠો સવારના ૧૦.૦૦ કલાકથી બપોરના ૫.૦૦ કલાક સુધી બંધ રહેશે. જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી. તકલીફ બદલ ક્ષમા કરશો.

(૧) વાલ્મી સબસ્ટેશન, સેક્ટર-૮

સહી/-
ટોરેન્ટ પાવર લીમીટેડ


**સ્થાપના વર્ષ ૨૦૦૭થી પ્રત્યેક પરિણામમાં અગ્રેસર રહી સૌથી વધુ A-1 Grade મેળવી આપવાની પરંપરાને જાળવી રાખતી સંસ્થા**

સહજાનંદ સ્કૂલ ઓફ એચિવરના માર્ચ-૨૦૧૬માં A-1 Grade પ્રાપ્ત કરેલ તેજસ્વી તારલાઓ

બોર્ડમાં પ્રથમ

Patel Dharm 485/500 PR 99.99 G: 117.50

Thakkar Jeet 477/500 G: 117.50

Patel Himil 472/500 Q.JEE: 188

Damor Nihal 467/500 G: 110.25

Raol Harshpal 466/500 G: 111.25

Patel Nainil 461/500 G: 111.25

Patel Arpit 458/500 Q.JEE: 154

Patel Abhishek 458/500 G: 92.00

Patel Krinal 457/500 Q.JEE: 141

Gandhi Saiyam 455/500 G: 110.00

Chaudhari Rohit 454/500 G: 112.50

Patel Meet 453/500 G: 106.25

Purohit Mrunal 452/500 G: 105.25

GUJCETમાં ૧૦૦ થી વધુ ગુણ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૩૯

સ્કૂલના બધા જ વિદ્યાર્થીઓને ઉચ્ચ પરિણામ માટે સહજાનંદ પરિવાર તરફથી હાર્દિક અભિનંદન

STD 11 & 12 Sci.: 472/B, Nr KH-0 Cir. Sargasan, Gandhinagar, 84 60 40 88 80 | KG to Std 10: Moti Shiholi, Chiloda, 70 43 60 60 60

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com